# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 15-03-2025 Day: SATURDAY MORNING: 6.50 TO 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

## કેન્દ્રીય ગૃહમંત્રી : આસામ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે આસામમાં વિવિધ વિકાસ યોજનાઓનું લોકાપર્ણ અને શિલાન્યાસ કરશે.આ પ્રસંગે આસામ ના મુખ્યમંત્રી હેમંત બિસ્વા શર્મા અને કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ ઉપસ્થિત રહેશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ અને ઐતિહાસિક મહત્વ ધરાવે છે. શ્રી શાહ મિઝોરમ ના આઈઝોલ શહેરથી આસામ રાઈફલ્સને ઝોખાવસાંગમાં સ્થાનાંતરિત કરશે.

---

## કેન્દ્રીય વાણિજ્ય મંત્રી : અમેરિકા

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું છે કે અમેરીકાના વેપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીર સાથે દ્વિપક્ષીય વેપાર કરાર પર ચર્ચા કરી છે.

ગયા અઠવાડિયે, શ્રી ગોયલે વોશિંગ્ટનની મુલાકાત લીધી હતી અને તેમના અમેરિકી સમકક્ષો સાથે વેપાર વાટાઘાટો કરી હતી. ભારત અને અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો કરવાની યોજના બનાવી રહ્યા હોવાથી આ ચર્ચાઓ મહત્વપૂર્ણ બની રહી છે.

---

## મુખ્યમંત્રી : વડનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આગામી 24 માર્ચે મહેસાણાનાં વડનગરના અતિ પ્રાચીન હાટકેશ્વર મહાદેવ મંદિરના સુવર્ણ શિખરનું અનાવરણ કરશે. આ માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, વડનગર ખાતે આગામી 22મી માર્ચથી ત્રિ-દિવસ મહોત્સવ દરમિયાન જળયાત્રા, હવન સહિતના કાર્યક્રમ યોજાશે, જેમાં યજ્ઞશાળાને ખુલ્લી મુકી, નવનિર્મિત સપ્તેશ્વર મહાદેવ મંદિરની પ્રતિષ્ઠા કરાશે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલા લાઈટ એન્ડ સાઉન્ડ શૉનું પણ લોકાર્પણ કરાશે.

---

# ઈસરો : ઉપગ્રહ પ્રક્ષેપણ રેવન્યુ

ભારતીય અવકાશ સંશોધન સંગઠન ઈસરોએ ઉપગ્રહ પ્રક્ષેપણ દ્વારા ૧૪૩ મિલિયન યુએસ ડોલરનું વિદેશી હૂંડિયામણ ઉભું કર્યું છે. અવકાશ વિભાગે જણાવ્યું હતું કે ઇસરોએ છેલ્લા દાયકામાં વ્યાપારી ધોરણે કુલ ૩૯૩ વિદેશી ઉપગ્રહો અને ૩ ભારતીય ગ્રાહક ઉપગ્રહો લોન્ચ કર્યા છે. જાન્યુઆરી ૨૦૧૫ થી ડિસેમ્બર ૨૦૨૪ ની વચ્ચે, આ ઉપગ્રહો ઇસરોના પીએસએલવી(PSLV), એલવીએમ૩(LVM3) અને એસએસએલવી(SSLV) પ્રક્ષેપણ વાહનો દ્વારા સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા હતા.

ઇસરોના ટ્રેક રેકોર્ડમાં અમેરિકા, બ્રિટન, સિંગાપોર અને અન્ય ઘણા વિકસિત દેશો સહિત ૩૪ દેશો માટે ઉપગ્રહો લોન્ચ કરવાનો સમાવેશ થાય છે.

---

# રાજ્ય : હવામાન

રાજ્યભરમાં આગામી ત્રણ દિવસ મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છનાં કેટલાંક વિસ્તારમાં અતિશય ગરમીનું મોજું ફરી વળવાની એટલે કે, હીટવેવની શક્યતા છે. ત્યારબાદના દિવસોમાં તાપમાનમાં કોઈ ફેરફાર જોવા નહીં મળે. હવામાન ખાતાની સત્તાવાર યાદી મુજબ, ગત ચોવીસ કલાકમાં મહત્તમ તાપમાન 39.6 ડિગ્રી સેલ્સિયસે પહોંચ્યું છે.

સૌથી વધુ 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રાજકોટ, જૂનાગઢનાં કેશોદ, કચ્છનાં કંડલા હવાઈમથક અને કંડલા બંદર પર નોંધાયું છે. જ્યારે અમરેલી, અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં ગરમીનો પારો 40 ડિગ્રીએ પહોંચ્યો છે. આ સિવાયનાં જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 32 થી 39 ડિગ્રી સેલ્સિયસ સુધી રહ્યું છે.

---

# રાજકોટ : આગ

રાજકોટમાં ગઈકાલે આગના બનાવમાં ત્રણ લોકોના મોત થયાના અહેવાલ છે. 150 ફૂટ રિંગ રોડ પર આવેલા એટલાન્ટિસ એપાર્ટમેન્ટમાં લાગેલી આગની ઘટનામાં પાંચથી છ લોકો દાઝી ગયા હતા, જેમાંથી ત્રણ લોકોના મોત થયા છે. જ્યારે બે લોકો હજી સારવાર હેઠળ હોવાનું શહેરના ઝોન ટૂ D.C.P. જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું.

---

# ભારતીય રિઝર્વ બેંક ઉર્જા ક્ષેત્રે ધિરાણ :

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું છે કે ભારતે 'પ્રાથમિકતા ક્ષેત્રના ધિરાણ'માં નવીનીકરણીય ઉર્જા પ્રોજેક્ટ્સનો સમાવેશ કરીને તેમને ધિરાણ આપવામાં આગેવાની લીધી છે. આનાથી દેશની આબોહવા પરિવર્તન સામેની લડાઈ ઝડપી બની છે.

નવી દિલ્હીમાં 'ક્લાયમેટ ચેન્જ - રિસ્ક એન્ડ ફાઇનાન્સ' વિષય પર એક સેમિનારને સંબોધતા તેમણે કહ્યું કે વિકાસશીલ અર્થતંત્રોમાં કેન્દ્રીય બેંકોએ તેમના દેશની પરિસ્થિતિઓને આધારે ચોક્કસ ક્ષેત્રો માટે લક્ષિત ધિરાણ નીતિઓ અપનાવી છે. શ્રી મલ્હોત્રાએ જણાવ્યું હતું કે દેશમાં લોન મંજૂર કરવા માટે સૌર, બાયોમાસ આધારિત, પવનચક્કી, સૌર ઉર્જા આધારિત શેરી લાઇટિંગ સિસ્ટમ અને દૂરના ગામડાઓમાં વીજળીકરણ પ્રોજેક્ટ્સ જેવા નવીનીકરણીય ઉર્જા પ્રોજેક્ટ્સને પ્રાથમિકતા ક્ષેત્ર તરીકે ગણવામાં આવે છે.

---

# કચ્છ આંગણવાડી ડેટા

કચ્છ જીલ્લામાં કુલ 2 હજાર 116 આંગણવાડી કેન્દ્ર આવેલ છે જેમાં કુલ 1 લાખ 3 હજાર 950 જેટલા 0 થી 5 વર્ષના બાળકોને પુરક પોષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ વગેરે જેવી યોજનાનો આઈસીડીએસ અંતર્ગત લાભ આપવામાં આવી રહ્યો છે. અને તેમની વજન અને ઊંચાઈની નિયમિતપણે માપણી કરવામ આવે છે.

---

# ક્રિકેટ : WPL T-20 MI-DC ફાઈનલ

મહિલા પ્રીમિયર લીગ – WPL T-20 ક્રિકેટ સ્પર્ધામાં આજે મુંબઈ ખાતે મુંબઈ ઈન્ડિયન્સ ઈલેવન અને દિલ્લી કેપિટલ ઈલેવન વચ્ચે ફાઈનલ મેચ રમાશે.

---